જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૦૨/૨૦૧૮ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૨૧/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી, ૧૧૯ લીટર દેશી દારૂ, ૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૨૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૪,૮૯૩/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૨૨/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## ચોરી :- સમાચાર યાદી નં.૩૨૩/૧૮

**ગોમતીપુરઃ** પ્રકાશભાઈ ધનજીભાઈ પરમાર (ઉ.વ.૩૧) (રહે. અષ્ટક એલીગેંસ સત્યમ હોસ્પીટલની પાછળ રેલ્વે સ્ટેશન રોડ ચાંદખેડા) તા.૦૮/૦૨/૧૮ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે ગોમતીપુર પટેલ મીલ બી.આર.ટી એસ. બસ સ્ટેંડની સામેથી એકટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ ત્રણ અજાણ્યા પુરૂષોએ પ્રકાશભાઈને રોકી વાતોમાં વ્યસ્ત રાખી નજર ચુકવી એકટીવાની ડેકીમાંથી ૨,૧૫,૦૦૦/- તેમજ ખીસ્સામાંથી ૮,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૨૩,૦૦૦/- ચોરી કરી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ પ્રકાશભાઈ પરમારે તા.૧૪/૨/૧૮ નારોજ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.કે ભુનાતર ચલાવે છે.

**વસ્ત્રાપુરઃ** રાજીવ નવીનચંદ્ર વ્યાસ (ઉ.વ.૫૪) (રહે.સાતત્ય ગ્રીન બંગલો, સિંધુભવન રોડ) એ તા.૧૪/૨/૧૮ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પોતાના ઘરમાં કામ કરતા આરોપી (૧)બંસી મોહનલાલ મીણા અને (૨) રવી લક્ષ્મણ કટારા (બન્ને રહે.ગામ-બસી તા.જી.ડુંગરપુર રાજસ્થાન) તા.૧૧/૦૨/૧૮ સાંજના ૭/૩૦ થી તા.૧૨/૦૨/૧૮ સવારના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન બેડરૂમના ડ્રોવરમાંથી સોનાની ચેઇન,સોનાની બંગડી અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૭૮,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એ.વાઘેલા ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** ઉમંગ સ/ઓ વિનોદચંન્દ્ર સોલંકી (રહે. અભિનવ એપાર્ટેમેંટ બાલકૃષ્ણનગરની બાજુમાં ખોડિયાર માતાના મંદિરની પાછળ કૃષ્ણનગર) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૦૨/૧૮ રાતના ૧૧/૦૦ થી તા.૧૪/૦૨/૧૮ સવારના ૭/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ખુલ્લા મકાનમાં ખુલ્લી દુકાનમાંથી સાડી નંગ-૩૨ કિમત રૂપિયા ૨૦,૦૦૦/-, શુટ નંગ-૩ કિમત રૂપિયા ૫૦૦૦/- જેન્ટસ કપડા જોડી નંગ-૨૬ કિમત રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ કિમત રૂપિયા ૪૫,૦૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એસ.ચંપાવત ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૨૪/૧૮</u>**

**સાબરમતીઃ** પ્રીયંકાબ્હેન જયેશભાઇ યાદવ (ઉ.વ.૩૨) (રહે. ત્રીભોવન પાર્ક સોસાયટી અચેર જવાહરચોક રોડ સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૧૩/૨/૧૮ રાતના ૮/૦૦ થી તા.૧૪/૨/૧૮ કલાક ૦૦/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.સુતરીયા ચલાવે છે.

**રિવરફ્રંટ વેસ્ટઃ** મહેન્દ્રભાઇ સદાશીવભાઇ બોકડે (ઉ.વ.૫૦) (રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ મ્યુ.શાળા પાછળ નવા બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૧૪/૨/૧૮ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે સાબરમતી રિવરફ્રંટ વેસ્ટ નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જગદીશચંન્દ્ર આત્મારામ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.